ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૬ ટકા

# માંગલિક કાર્યો પર ૨૯ જૂનથી લાગશે બ્રેક

## દેવઉઠી એકાદશી સુધી નહિ થાય શુભ કાર્યો : ચાતુર્માસનો સમય પાંચ મહિનાનો : આ વર્ષે અધિક માસ આવી રહ્યો છે

ગાંધીનગર, તા.૧૨

હિન્દુ પંચાગ પ્રમાણે અષાઢ મહિનાની અગિયારસથી ચાતુર્માસની શરુઆત થઈ જાય છે. શાસ્ત્રોમાં એવુ બતાવવામાં આવ્યું છે કે, દેવપોઢી અગિયારસથી ભગવાન વિષ્ણુ સુઈ જાય છે. અને દેવઉઠી અગિયારસના દિવસે ભગવાન ઉંઘમાથી જાગે છે. એટલે આ સમય દરમ્યાન કોઈ શુભ કાર્યો કરવાની મનાઈ હોય છે. એવુ માનવામાં આવે છે કે આ સમયગાળા દરમ્યાન કોઈ માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. એટલે કે વિવાહ, ગૃહ પ્રવેશ વગેરે જેવા શુભ કાર્યો કરવામાં આવતા નથી. પરંતુ આ દરમ્યાન તમે જેટલું વધારે દાન, પુણ્ય, સેવા કર્મ, ભગવાનના જપ, ધ્યાન, પુજાના કામ કરશો તેનાથી વધારે એટલે બેગણુ ફળ પાપ્ત થશે. આવો જાણીએ કે ચાતુર્માસ ક્યારે શરુ થાય છે. દેવશયની એકાદશીને પદ્મા એકાદશી, પ્રબોધિની એકાદશી, અષાઢી એકાદશી અને હરિશયની એકાદશી પણ કહેવાય છે.

**કેમ ચાતુર્માસ પાંચ મહિનાનો છે?**

આ વર્ષે ચાતુર્માસનો સમય પાંચ મહિનાનો હશે, કેમકે આ વર્ષે અધિક માસ આવી રહ્યો છે. આ વર્ષે શ્રાવણ મહિનામાં અધિક મહિનો લાગી રહ્યો છે. ચાતુર્માસની શરૂઆત ૨૯ જુનથી થશે અને તેનું સમાપન ૨૩ નવેમ્બરના રોજ દેવઉઠી એકાદશીના રોજ થશે.

**આ કાર્યો પર બ્રેક લાગશે:**

ચાતુર્માસમાં કોઈ પણ પ્રકારના માંગલિક કાર્ય, જેમકે વિવાહ કાર્ય, ગૃહ પ્રવેશ, ભૂમિ પૂજન, મુંડન, તિલકોત્સવ, જનોઈ સંસ્કાર જેવા કાર્યો પર બ્રેક લાગશે. આ ઉપરાંત ચાતુર્માસ દરમિયાન ગોળ, તેલ, મધ, મુળા, પરવર, રિંગણ ગ્રહણ ન કરવા જોઈએ.

**ચાતુર્માસમાં શું કરવું અને શું નહીં**

ધાર્મિક માન્યતાઓ પ્રમાણે ચાતુર્માસ મહિનામાં જમીન પર સૂવાની સલાહ આપવામાં આવે છે. આ દરમિયાન સૂર્યોદય પહેલા ઉઠવું શુભ માનવામાં આવે છે. ચાતુર્માસમાં દિવસમાં માત્ર એક જ વાર ભોજન કરવાની સલાહ આપવામાં આવે છે. જો તમે ઈચ્છો તો રાત્રે ફળ ખાઈ શકો છો. દુધ લઈ શકો છો. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે ચાતુર્માસ દરમિયાન વધુમાં વધુ સમય ધ્યાન અને પૂજામાં પસાર કરવો જોઈએ. આ દરમિયાન દરરોજ સૂર્યને અર્ઘ્ય ચઢાવવું શુભ માનવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર ચાતુર્માસમાં ભગવાન વિષ્ણુ અને શિવજીની પૂજા કરવી જોઈએ. દરરોજ વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્રનો પાઠ કરવાથી દરેક મનોકામના પૂર્ણ થાય છે.




## જન્મદિને વધામણી



પ્રિયંકાબેન હિમાંશુકુમાર ડાભી
મો. ૭૩૫૯૩૫૯૯૭૪



પટેલ લલીતા પ્રકાશકુમાર
મો. ૯૭૨૭૬૦૧૫૧૬



રત્નોત્તર તિથિ સુરેશકુમાર



ભાર્ગવી શૈલેષકુમાર ઠાકોર



કથન ચારેલ



સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦



સાબરમતીની એક સ્કૂલ છે ત્યાં એક બહેન દ્વારા સંપૂર્ણ મફત શિક્ષણ તેઓ પોતાના ધરે આપે છે ગુરૂકૃપા ફાઉન્ડેશનના મેમ્બરો નક્કી કરવામાં આવ્યું કે આપણે પણ કોઈ આર્થિક મદદ કરીએ જેથી આ બાળકો મોટા થઈને પગભર બની શકે. આવા શુભ આશયથી ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા આ બાળકોને ચોપડા, સ્કુલ બેગ, પેન, પેન્સિલ અને નોટબુક સાથે ગરમાગરમ લાઈવ પીઝા ભરપેટ જમાડવામાં આવ્યા હતા. આ બાળકોનું કહેવું હતું કે અમે ક્યારેય આવા પીઝા ખાધા નથી બાળકોની આંતરડી ઠંડી પડતી જોઈ દરેક ગુરૂકૃપા ફાઉન્ડેશનના મેમ્બરો ને કંઈક કર્યાનો આત્મસંતોષ થયો હતો.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ પત્રકારત્વ ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત પત્રકારત્વને લગતો ''પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન''નો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. જેનો નવા સત્રમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવેલ છે. સ્પર્ધાત્મક યુગમાં પ્રતિભાશાળી વ્યક્તિત્વ ઘડતર માટે પત્રકારત્વનો અભ્યાસક્રમ ખૂબ જ મહત્વનો સાબિત થવા સાથે દરેક પ્રકારના કાર્યક્ષેત્રમાં પણ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે, જે માટે આજે તમામ વયના યુવાઓમાં પત્રકારત્વના કોર્સનું મહત્વ વધ્યું છે.

ગાંધીનગર ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે ''પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન'' છેલ્લા દસ વર્ષથી સફળતા પૂર્વક ચાલી રહ્યો છે જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વક્ષેત્રના અનુભવી મહાનુભાવો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ પરિણામે અહીંથી તાલીમ પામેલાં તાલીમાર્થીઓ અત્યારે સરકારી તથા ખાનગી મિડિયા ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યાં છે અને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યાં છે. આ અભ્યાસક્રમમાં પત્રકારત્વના પાયાનાં સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એંકરિંગ, વોઈસ ઓવર, વોઈસ મોડયુલેશન, ડબિંગ અને કેમેરાં ફેસિંગ સહિત પ્રેકટિલ ટ્રેનિંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક, ફિલ્ડ ટ્રેનિંગ પણ કરાવવામાં આવે છે. તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાંઓની થિયરિકલ અને પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. પત્રકારત્વના આ કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના ૬ (છ) દિવસ માટે દરરોજ સાંજે થિયરિકલ સાથે પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે કોઈપણ વિષયમાં સ્નાતક (ગ્રેજ્યુએટ) પૂર્ણ કરનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે છે. વધુમાં આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ઉંમરનો કોઈ બાદ નથી.

આ કોર્સમાં પ્રવેશ મેળવવા તથા વધુ માહિતી માટે પત્રકારત્વ વિભાગ, એલડીઆરપી કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર-૧૫ ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૪ કલાક સુધીમાં રૂબરૂ મુલાકાત અથવા ૮૪૦૧૮૬૩૨૨૯ પર સંપર્ક કરવાનો રહેશે. આ કોર્સમાં જોડાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ ૩૦ જૂન ૨૦૨૩ સુધી પ્રવેશ મેળવવાનો રહેશે.




**નરેન્દ્ર મોદી સરકારના ૯ વર્ષ : જનસંપર્ક અભિયાન અંતર્ગત**

## શહેર ભાજપ દ્વારા પ્રબુદ્ધ સંમેલન, વેપારી સંમેલન, લાભાર્થી સંમેલન યોજાશે



ગાંધીનગર, તા.૧૨

ગત રોજ શ્રી કમલમ સેકટર-૨૧ ગાંધીનગર ખાતે વિશ્વના લોકપ્રિય નેતા અને આપણા સૌના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના સેવા, સુશાસન, વિકાસ અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ પૂર્ણ થવાના અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં શહેર ભાજપ સંગઠન દ્વારા ૩૦ મે થી ૩૦ જૂન સુધી ચાલનાર વિશેષ સંપર્ક અભિયાન હેઠળ આગામી સમયમાં આયોજિત થનારા વિવિધ કાર્યક્રમના આયોજનના અનુસંધાને શહેર ભાજપ કાર્યાલય શ્રી કમલમ, સે.૨૧ ખાતે શહેર અને વોર્ડ સંગઠનના સંગઠનના અપેક્ષિત શ્રેણીના હોદ્દેદારો અને ચુંટાયેલ સભ્યોની બેઠક મળી હતી.

જેમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ સંપર્ક અભિયાન હેઠળ શહેર ભાજપ દ્વારા આગામી સમયમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન, વેપારી સંમેલન, લાભાર્થી સંમેલન અને સંગઠનના વિવિધ મોરચાનું સંયુક્ત સંમેલન યોજી મોદી સરકારની ૯ વર્ષની કામગીરી અંગેની માહિતી વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તેવો પ્રયાસ કરાશે.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને લાયોનેશ ક્લબના સહયોગથી ડીજીટલ બેંકીંગ ટ્રેનિંગનો કાર્યક્રમ





ગાંધીનગર, તા ૧૨

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેન દેસાઈ અને લાયોનેશ ક્લબ ગાંધીનગરના પ્રમુખ પ્રિતિબેન શર્મા અને સેક્રેટરી વિમળાબેન અયાચીએ જણાવેલ છે કે હાલના હાડમળીભર્યા સમયમાં મહિલાઓ ઘરની, બાળકોની, નોકરીની અને બીજી અનેક જવાબદારીઓના ભારણ નીચે જીવતી હોય છે. આવા સમયે મહિલાઓને બેંકમાં યુપીઆઈ પેમેન્ટ, ફંડ ટ્રાન્સફર, ઓનલાઈન શોપિંગ, લોન, મેડીક્લેઈમ વિષે કે બેંકના અન્ય નિયમો વિષે માહિતીનો અભાવ હોય છે. આવા સમયે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને લાયોનેશ ક્લબ ગાંધીનગરના સહયોગથી બેંક ઓફ બરોડા સે. ૧૧ ખાતે તારીખ ૨૯-૫-૨૩ના રોજ ડીજીટલ બેંકીંગ ટ્રેનિંગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેંકના ચીફ મેનેજર ગૌતમભાઈ વ્યાસ દ્વારા બેંકમાં કઈ રીતે રોકાણ કરવું, મેડીક્લેઈમ, લોન, પેમેન્ટ, ફંડ ટ્રાન્સફર, યુપીઆઈ પેમેન્ટ, ઓનલાઈન શોપિંગ, સીની. સીટીજન સેવિંગ્સ સ્કીમ વિષે અને આવી હતી અનેક સ્કીમો વિષે ખૂબજ ઉંડાણપૂર્વક માહિતી પુરી પાડેલ હતી. આ કાર્યક્રમમાં બેંકના જનરલ મેનેજર દીપાકર ગુહા, આસી. મેનેજર યશવંતજી, મુકેશ નવલજી, મનીષ પલનજી અને ચીફ મેનેજર ગૌતમભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહી બેંકના નિયમોથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં લાયોનેસ ક્લબ ઓસિ ગાંધીનગર ફેમિનાના પ્રમુખ ડીમ્પલબેન દેસાઈ, લાયોનેશ પ્રમુખ પ્રીતિબેન શર્મા, સેક્રેટરી વિમળાબેન અયાચી, ચંદાબેન યાદવ અને ગાંધીનગર કમિટીની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બેંકીંગ ટ્રેનિંગનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન લા. મનિષાબેન ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ કરી બેંકના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સરકારી પ્રાથમિક શાળા પાલજમાં શાળા પ્રવેશોત્સવ ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

સરકારી પ્રાથમિક શાળા પાલજમાં શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩ની ખૂબ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી છે. આ પ્રસંગે એડિશનલ ચીફ સેક્રેટરી જેપી ગુપ્તા તેમજ વેટર્નરી ડોક્ટર પાર્થ ચૌધરી, પાલજ વોર્ડ નંબર ચારના કોર્પોરેટર જશપાલસિંહ બિહોલા,ગાંધીનગર શહેરના



શાસનધિકારી હેમાંગ ભટ્ટ ,આચાર્ય હિતેશભાઈ પટેલ શિક્ષક સ્ટાફગણ, ડોક્ટર વિક્રમ સારાભાઈ હાઈસ્કુલ પાલજના રચનાબેન પટેલ, આઈઆઈટીના વિદ્યાર્થી, એસએમસીના સભ્યો ગ્રામજનો, પાલજ યુવા ગ્રુપ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાલવાટિકાના બાળકોને તેમજ ધોરણ એકમાં પ્રવેશ પાત્ર બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ કીટ વિતરણ કરવામાં આવી હતી. શાળામા દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબની સામગ્રી આપી દાન આપવામાં આવ્યું હતું. પ્રવેશોત્સવ બાદ રીવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું તેમજ શાળાઓના શૈક્ષણિક અને ભૌતિક ગુણવત્તા અંગે ચિંતન અને માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યુંહતું.

## સરકારી પ્રા. શાળા સે-૧૩/૨ ખાતે પ્રવેશોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

તા. ૧૨-૬-૨૦૨૩ને સોમવારના દિવસે સ.પ્રા. શાળા સે. ૧૩/૨ અને સરકારી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા સે. ૧૩માં પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહ્યા હતા. સાહેબે આંગણવાડી, બાલવાટીકા અને ધોરણ-૧ના બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. આંગળવાડીમાં ૧૮ બાળકો, બાલવાટીકામાં ૨૪ બાળકો અને ધો. ૧ માં ૧૮ બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. શાળામાં મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન આપ્યુ હતુ. સાહેબે પોતે શિક્ષક રહી ચુક્યા હોવાથી શાળાના શિક્ષકો અને એસ.એમ.સી.ના સભ્યો સાથે શાળાના વિકાસ અંગે વાતચીત અને માર્ગદર્શન આપ્યું હતું અને શાળામાં વૃક્ષારોપણ પણ કર્યુ હતુ.

શાળામાં પ્રવાસી શિક્ષક તરીકે કાર્ય કરેલ નૈમી પટેલે ૭૦૦૦ રૂપિયાનું દાન શાળામાં આપ્યું હતું. આજ શાળામાં અભ્યાસ કરેલ અને શાળાના પ્રિન્સિપાલ ડૉ. વિક્રમસિંહ ચૌહાણે આમંત્રિત મહેમાન અને દાતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જ્યોતિ મહિલા મંડળ દ્વારા સ્તન તેમજ ગર્ભાશયના કેન્સરની તપાસ અને જનજાગૃતિ અંગે મેગા કેમ્પ

જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા મહિલાઓને થતા ગર્ભાશયના કેન્સર તથા સ્તન કેન્સર ની જનજાગૃતિ અંગે પ્રદર્શન ,તે અંગેનો ચેકઅપ કેમ્પ,મેમોગ્રાફી અને પેપ્સ મિયર ટેસ્ટનું તદન નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા કેમ્પમાં વિશાળ સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. ગુજરાત કેન્સર રિસર્ચ સોસાયટીના સહયોગથી આ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોક્ટર રોહિણી દ્વારા ખુબ સારો સહયોગ સાંપડ્યો હતો. કેમ્પની શરૂઆતમાં ગર્ભાશય અને સ્તનના કેન્સરને રોકવા માટે ડોક્ટર્સની ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પ્રાથમિક તપાસ બાદ બહેનોને સ્તન કેન્સરની તપાસ માટે મેમોગ્રાફી અને ગર્ભાશયના કેન્સરની તપાસ માટે પેપ્સ મિયર ટેસ્ટનું તેમજ તદન નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. જરૂરિયાત મંદ બહેનો પૈસાના અભાવે, અતિ વ્યસ્ત શિડયુલ ના લીધે, આ ટેસ્ટ ન કરાવી શકે તેમજ શરમ સંકોચને કારણે ગર્ભાશય અને સ્તનની તપાસ માટે દુર્લક્ષ સેવનાર બહેનો માટે આ કેમ્પ આશીર્વાદ રૂપ નિવડ્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે કેન્સર સોસાયટીના ડોક્ટર રોહિણી અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડોક્ટર ચેતના અરુણ બુચ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે સર માઉન્ટ હોસ્પિટલના ડોક્ટર હાર્દિક પટેલ દ્વારા સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ મેગા કેમ્પને સફળ બનાવવા માટે હર્ષાબા ધાધલ, નીરૂબેન નાયક, પાર્થ ઠક્કર, ઈલાબેન વોરા, પૂજાબેન પેશવાની, ફોરમ ગજ્જર, કિન્નરી દવે એ ભારે જહેમત ઉઠાવી હતી.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ ગોવિંદભાઈ ચતુરભાઈ ઉ.વ.૭૨, ગાંધીનગર
- સ્વ.વાઘેલા શોભારબા દશરથસિંહ ઉ.વ.૬૪, પેથાપુર
- સ્વ.ચાવડા કાન્તાબેન દિપુજી ઉ.વ.૭૦, આંબાવાડી, અમદાવાદ
- સ્વ.શાહ સુશીલાબેન રમણલાલ ઉ.વ.૮૦, પેથાપુર